બેરહમ બ્લાસ્ટ બનીને, ફૂટે છે આતંક!
માનવતા પર નિદર્ય ત્રાટકે છે આતંક!
ચૂંટે છે આતંક તદ્દન નિર્દોષ માનવીને -
ધર્મનો અંચળો ઓઢીને, છૂટે છે આતંક!
(રાક્ષસી-નિર્મમ-હત્યાઓ)

વિકાસ ટ્રેન -
ચઢી છે આટે પાટે,
ખેડૂ વિરોધી..

થશે સમાધિ
પંચામૃત ભવન -
પર્યાવરણની..

ચિંતન

કાક આવહયતે કાકાન્યા ચકો ન તુ યાચકાન્ । કાક યાચક યોર્મધ્યે વરંકાકો ન યાચકઃ ॥

કાક-કાગડો અને યાચક એ બંનેની જો સરખામણી કરવામાં આવે તો ‘કાગડા’ને સારો કહેવો પડે, પરંતુ યાચકને નહીં, ‘કારણ કે કાગડાનો સ્વભાવ છે પોતે એકલો ખાતો નથી પણ પોતાના સમગ્ર સમાજને બૂમો પાડી બોલાવે છે, જ્યારે યાચક અન્ય યાચકને બોલાવતો નથી, ઉલ્ટું બીજા તેની સાથે ન આવે એવું ઇચ્છે છે.’

અહીં ‘કાગડા’ અને ‘યાચક’ની સરખામણી કરતાં કહ્યું છે કે માગનાર કરતાં પણ કાગડો સારો કારણકે કાગડો કદાપિ એકલો ખાતો નથી. તેની નજર કોઇ ખાદ્ય વસ્તુ પર પડે કે તરત તે તૂટી પડતો નથી એનું નિરીક્ષણ કરી પછી પોતાના જાત ભાઇઓને સાદ પાડી બોલાવે છે અને સમૂહભોજન સ્વરૂપે ભાગ પાડીને ખાય છે.

જયારે માંગણ પોતાને એકલાને વધારે મળે એ અપેક્ષાએ પોતાના જ સાથીદાર એવા બીજા માગણ ન આવે તો સારું એવી વૃત્તિને રાખે છે.

સુવિચાર

- ચોઘડિયાં જોતાં રહેશે, માણસ તોયે રોતો રહેશે.. સુખનો સુરજ ઉગે તોયે, એના દુઃખનો ડુંગર મોટો રહેશે - ઉર્વી પંચાલ
- તક હંમેશા આકરી મહેનતના મુખાટોમાં આવે છે... એટલે જ મોટાભાગના લોકો તેને ઓળખી શકતા નથી - સ્ટીફન કોવી
- જે લોકો આપણા વિચારોમાં હોય તે દૂર હોવા છતાં નજીક છે.. જે હૃદયમાં ન હોય તે નજીક હોવા છતાં દૂર છે - ચાણક્ય
- ધર્મની ખોટ પૂરે તેને કોઇ પણ પ્રકારની ખોટ ન આવે એવું પુણ્ય મળે - મુનિ ભાનુચંદ્ર વિજયજી
- લોકો ભલે તમારા માટે ગમે તે વિચારે.. તમને જે સાચું લાગતું હોય તે જ કરો.. નિંદા તરફ કે વખાણ તરફ ઉદાસીન રહો - વજુ કોટક
- કુટિલ મનુષ્યને શાસ્ત્ર પણ કાંઈ શીખવી શકે નહીં - વેદ વ્યાસ
- એક સત્ય બીજા સત્યનું કદાપિ વિરોધી હોઇ જ ન શકે - એસ. ભટ્ટાચાર્ય

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આજકાલતો લગ્નતિથિ-જન્મદિને અપાતી ભેટો એમને એમ અકબંધ રહી જાય અને ફરી કોઇને કોઇ પ્રસંગે એ જ અકબંધ પકડાવી દેવાય છે. કોઇએ પ્રેમથી આપેલ વસ્તુ એ પ્રેમનું પ્રતીક છે. એના આવો ઉપયોગ યોગ્ય નથી. દાન-ભેટ સુયોગ્ય પાત્રને જ આપવું જોઇએ.

રાજા ઉદયનના રાણીએ ભગવાન બુદ્ધના એક સંઘને પાંચસો ચાદરનું દાન કર્યું. રાજાને આ દાન લેનાર ભિક્ષુના પાત્રતા ચકાસવા પૂછ્યું, આ ચાદરોનું તમે શું કરશો?

શિષ્ય કહે અમારા કેટલાકના લાંબા ઝભ્ભા ફાટી ગયા છે તેથી ઝભ્ભા શિખવાડશું..

રાજાએ પુછ્યું - પછી જૂના ઝભ્ભાનું શું કરશો?

શિષ્ય - એમાં આ સાદડીઓ બનાવશું.

રાજાએ પુછ્યું - સાદડીઓ જૂની થાય પછી શું કરો?

શિષ્ય - પછી એમાંથી તકિયાના કવર થાય છે.

રાજા - તકિયાનાં જૂના કવરનું શું કરો?

શિષ્ય - એમાંથી આશ્રમની સાફસૂફી માટેના ઝાપટીયાં બની જાય છે.

રાજા - અને ઝાપટીયાં ઘસાઇ જાય પછી?

શિષ્ય - એને ધોઇ - સુકવી તેનો પાઉડર બને છે જે સફેદ સિમેન્ટ સાથે ભેળવીને પ્લાસ્ટરમાં કામ આવી જાય છે...

રાજા ખૂબ ખૂશ થયો. એને થયું ખરેખર આ દાન જ ‘સુપાત્ર દાન’ કહેવાય.. વહીવટી કરકસર આને કહેવાય આદર્શ ગૃહિણીએ આ સમજવા જેવું છે.

Email - sureshchandrabhatt18@gmail.com

એક સમયે આ શહેરને દુનિયાના હરિયાળા નગર તરીકેનું બિરુદ પ્રાપ્ત થયું હતું, પણ વિકાસની આંધળી દોટમાં નગરની હરિયાળીને વિખરાતી જોઉં છું ત્યારે ખુબ જ દુઃખ થાય છે

હરિયાણું હરણોદ્યાન

- નટવર હેડાઉ

સવારનાં સોનેરી કિરણો ધરતી પર પ્રસરી રહ્યાં હતા. પંખીઓનો કિલ્લોલ સંભળાતો હતો. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુલાકાતીઓનાં ઝુંડ રંગબેરંગી વસ્ત્રોમાં આવતાં દેખાતા હતા. ફૂલો પણ પતંગિયા ઉડાઉડ કરતાં હતા. એવા સુંદર વાતાવરણમાં ઉદ્યાનની કચેરીની બહાર હું ઊભો હતો. ત્યાં દૂરથી બે મહાનુભાવોને આવતાં જોયા. નજીક આવતાં જ તેમની સાથે રહેલ ભાઈએ મને પરિચય કરાવ્યો. આમને ઓળખો અરૂણ બૂચ. ત્યાં તો અરૂણભાએ હસ્તધૂનન માટે હાથ લંબાવ્યો અને વાત આગળ વધારી.

‘અમે ગાંધીનગરમાં પક્ષીઓ માટે કંઈક કરવા માંગીએ છીએ.’

‘બહુ સારી વાત છે. ખૂબ સારી વાત છે. ગ્રામ્ય વિસ્તારોમાં પક્ષીઓ માટે ચબુતરા હોય છે. ત્યાં ‘ચણની સાથોસાથ ડીબમાં’ પાણી પર ભરીને મુકવામાં આવે છે.’ પણ નવા વસેલા આ નગરમાં પક્ષીપ્રેમીઓ દ્વારા આંગણામાં ચણતો નંખાય છે. પણ કદાચ પાણી પાવાનો પ્રશ્ન છે.’ મેં કહ્યું.

‘અમે તેનો ઉકેલ શોધી કાઢ્યો છે. પક્ષીઓની તરસ છીપાવવાનું અભિયાન અમે હાથ ધર્યું છે. તે માટે માટીના પાંચસો જેટલાં ચકોતરાં (પરખો) બનાવ્યાં છે. તેનું નિશુલ્ક વિતરણ કરવાના છીએ.’ અરૂણભાઈએ કહ્યું.

‘બહુ સરસ’

‘પક્ષીઓ માટે બીજું પણ અમે વિચાર્યું છે. અમે અહીં ઉદ્યાનમાં જોયું કે વૃક્ષો પર લાકડાના માળા બનાવીને મુક્યા છે. તેવા માળા શહેરમાં પણ મોટાં વૃક્ષો પર મુકી શકાય કે કેમ?’

‘જરૂર મુકી શકાય. પૂઠાં, લાકડાં અને માટીના એવા માળા બની શકે છે. તેના કેટલાક નમૂનાઓ મારી પાસે છે’ મેં કહ્યું.

‘અમારે એ બનાવવા છે. તેથી જ તો આ તરફ આવ્યા છીએ. ગાંધીનગરમાં ઘર ચકલીઓના અસ્તિત્વ પર ખતરો પેદા થયો છે. ચકલીઓની સંખ્યા ઘટી ઘઇ છે. તે વાત કરીને?’ અરૂણભાઈ બોલ્યા,

‘હા, તમારી વાત સાચી છે, ચકલીએ આપણાં ઘર આંગણાનું પક્ષી છે. ચકલી બે પગે ઠેંકતી ચાલે એ બાળકોને તો બહુ ગમે. તેનાં વિષેનાં બાળ ગીતો અને બાળવાર્તાઓ પણ ખુબ જ છે.’ જેમ કે ચકીબેન... ચકીબેન... મારે ઘેર રમવા આવશો કે નહીં... તો પેલું પ્રખ્યાત ગીત ચકલીએ ચકચક કર્યું ને ચકલો બોલ્યો ચૂપ...

‘હાં અને એક હતો ચકો ને એક હતી ચકીની વાત તો આપણાં વડીલો કરતાં અને આપણે પણ આપણાં બાળકોને કહીએ છીએ.’

‘સાચી વાત છે. પણ હમણાં હમણાં એવું સાંભળવા અને વાંચવા મળી રહ્યું છે કે મોબાઈલ ફોનનાં તરંગોને કારણે ચકલીઓ પણ જોખમ ઊભું થયું છે. તેથી તે માનવ વસાહતથી દર થવા લાગી છે. નહીંતર પહેલાં તો એવું બનતું કે ચકલીઓ આખો દિવસ માનવ વસ્તી વચ્ચે જ જોવા મળતી. ઘરમાં માળા કરે. એક વાર તેણે માળા માટે જગ્યા નક્કી કરી બાધી એટલે ખલાસ. ચકો-ચકી આખો દિસ ઘાસના તણખલા લઈને આંટા ફેરા કરવા લાગે. માળા નીચેની જગ્યા જગ્યાએ કચરો કરી મૂકે. ગમે તેટલીવાર બહાર કાઢો તોય ફરી ફરીને આવે. તેની કલાકોની મહેનતથી તૈયાર કરેલ માળામાંથી તણખલાં લાવી એટલા જ ઉત્સાહથી માળો બનાવવાનું શરૂ કરી દે. માળો ફેંકી ફેંકીને તમે કંટાળો પણ માળો ફરી બાંધતા એ થાકે નહીં. એ તો એમ જ માને કે માણસો એ ઘર તેમનો માળો બાંધવા માટે જ બંધાવ્યા છે, પણ હવે જે આધુનિક સુખ સુવિધાના સાધનો માનવે રાખવા માંડ્યા છે તેમાં ચકલીઓ સલામત નથી. થોડા દિવસો પહેલાની જ એક વાત છે. એક ભાઈ ચકલીનાં નાનાં નાનાં બે બચ્ચાંને લઈને આવેલાં. પુછાતાં ખબર પડી કે તેની માં ઘરના પંખામાં ભટકાઈને મરી ગઈ. તે ફફી બચ્ચાઓનો કલ્પાંત તેમનાથી જોવાયો નહીં. તે અહીં લઈ આવ્યાં.’

‘પછી શું થયું?’

‘એ એ બચ્ચાંને અહીં રાખ્યા. અમારે ત્યાં કામ કરનારા માણસો પક્ષીપ્રેમી છે. તેમને બચ્ચાંને હથેળીમાં રાખી રૂનાં પુમડાથી પાણી અને ખોરાક આપવાની કોશીષ કરેલી.’

‘નટવરભાઈ સાચું કહું કયારેક તો ચકલીઓ ચક ચક કરીને માથું ચડાવી દેતી. અરે બાઝે તો એવા બાઝે કે લડતા લડતા નીચે પડે તોય એકબીજાની પકડ ન છોડે. આપણે નજીક જઈએ તો ફટ દઈને ઉડી જાય.’ સાથે રહેલ સુધીર ભાઈએ કહ્યું.

‘હાં, અરે! અમારે ઘેર તો એક ચકલી ભૂલેચૂકે એકવાર પોતાનું પ્રતિબિંબ જોઈ ગઈ હશે. પછી તો વાત જ શું કરવી. આખો દિવસ પોતાના પ્રતિબિંબને હરીફ માની ચાંચથી પ્રહારો કર્યા જ કરે. બહાર કાઢી મુકે તો પણ થોડીવારમાં પાછી આવી જાય.’ અરૂણભાઈએ કહ્યું.

‘હાં પણ હવે તો હાલત એ થઈ છે કે ચકલીઓ જોવા મળતી જ નથી. હાલમાં બનતાં મકાનો કંઈક એવી રીતે બની રહ્યાં છે કે તેમાં ચકલીઓના માળા બનાવાની જગ્યા મળતી નથી. પહેલાં ઘરમાં ઢળતાં ફોટા લગાવવામાં આવતાં. જેની પાછળ ચકલીઓ માળા બનાવતી. એ પ્રથા હવે બદલાઈ છે. વળી ગ્લોબલ વોર્મિંગ ગણો કે ગમે તે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ દિવસે દિવસે વધતાં લોકો એર કુલર અને એરકન્ડીશનર નંખાવતાં થયા છે. તેના કારણે ઘરનાં બારી બારણાં બંધ રહે છે. પહેલાં વેન્ટીલેટર કે નળીયાં વાળા ઘરનાં છાપરાં કે વળીઓની વચ્ચે જગ્યામાં ચકલીઓ માળા બાંધતી પણ એ બધું હવે નવાં ફલેટો અને બંગલાઓની સિસ્ટમમાં જતું રહ્યું છે. તેથી હવે આપણે સૌને આંતરરાષ્ટ્રીય ચકલી દિવસ ઉજવવાનો વખત આવ્યો છે. પણ તમે જે વિચારો છો તે ખુબ સારો વિચાર છે. મને લાગે છે કે તે ખરા અર્થમાં શહેર વસાહત મંડળા પ્રમુખ છો. તમે તો માનવોની સાથે સાથે પક્ષીઓ અને પ્રાણીઓ માટે પણ ખુબ જ હકારાત્મક અભિગમ ધરાવો છો એ જાણીને આનંદ થયો.’ મેં કહ્યું.

‘હાં, નટવરભાઈ એક સમયે આ શહેરને દુનિયાના હરિયાળા નગર તરીકેનું બિરુદ પ્રાપ્ત થયું હતું. પણ વિકાસની આંધળી દોટમાં નગરની હરિયાળીને વિખરાતી જોઉં છું ત્યારે ખુબ જ દુઃખ થાય છે. તમે તો જાણતાં જ હશો. થોડા સમય પહેલાં આપણા શહેરોની ઓળખ સમા ચ-૦ સર્કલથી એક રોડનું જોડાણ થવાનું હતું.’

‘હાં મને ખબર છે. આ પ્રકૃતિ ઉદ્યાનનો ઘણો ભાગ તેમાં જતો રહે તેવી શક્યતા હતી. પણ પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વિરોધ થતાં છેવટે એ રોડ ધોળાકુવા ગામ પછી દૂર લઈ જવાયો.’

‘જૂઓને આપણે માણસો કેવા છીએ. પહેલાં વનનો નાશ કરીએ છીએ અને પછી વનને બચાવવા વન દિવસ ઉજવીએ છીએ.’ સાથે રહેલ સુધીરભાઈએ કહ્યું.

‘તમારી વાત સાચી છે. એક તરફ જળસ્રોતોનો નાશ કરી તળાવો પુરી, બાંધખામો કરીએ છીએ. કયાંક બંધ બનાવી નદીને ગળે ટૂંપો દઈએ છીએ. અને પછી આંતરરાષ્ટ્રીય જળ દિનની ઉજવણી કરીએ છીએ.’ મેં કહ્યું.

‘પણ અમે સાચાં અર્થમાં પ્રયત્નો કરવા માંગીએ છીએ. કેમ કે ગાંધીનગરમાં હરિયાળી છે તેની સાથે તેને લગતા પ્રશ્નો પણ છે. ગાંધીનગર શહેરમાં સેકટરોમાં અવારનવાર સર્પો નીકળે છે. તે સર્પોને બચાવવાનું કામ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન દ્વારા થાય છે ખરું ને?’

‘હાં અહીંના અમારા એ સેવાભાવી સહયોગીઓ ખરા અર્થમાં કર્મયોગી છે.’

‘આ જોખમી કામ ખરું કે નહીં?’

‘હાં, જોખમી કામ તો ખરું, જો સાવચેતી ન રાખવામાં આવે તો જાનનું જોખમ થઈ જાય. પણ સર્પ જેવાં સરિસૃપોનું મહત્વ સમજતા લોકો તેને બચાવવાનાં સાહસિક કામો પણ કરતા થયા છે.’ મેં કહ્યું.

‘તો શું બીજા લોકો પણ આવું કામ કરે છે?’

‘હાં, ગાંધીનગર વાસીઓ પ્રકૃતિપ્રેમી છે. તેથી તેઓ પશુપક્ષીઓ પ્રત્યે ખુબ જ સંવેદનશીલ છે, મેં જોયું અને અનુભવ્યું છે કે ઘણી વખત કોઈ ઘાયલ કે બીમાર પ્રાણી કે પક્ષી જોવા મળે તો લોકો તેની સારવાર પણ કરાવે છે અને પછી સાચવીન અહીં મુકવા પણ આવે છે.’

‘હાં ઉત્તરાયણના તહેવારો ઉપર પતંગો ચગાવવા કરતાં પક્ષીઓને બચાવવાની પ્રવૃત્તિ આપણે ત્યાં સારી એવી વિકસી છે.’ સુધીરભાઈએ કહ્યું.

‘એ જ રીતે સર્પોને બચાવવા માટે પણ ઘણાં યુવક યુવતીઓ મેદાને પડ્યા છે. પણ તમને ખબર છે આ બધાંની પાછળ આ પ્રકૃતિ ઉદ્યાનનો પણ ખુબ મોટો ફાળો છે.’

‘એ કઈ રીતે?’

‘પ્રકૃતિ ઉદ્યાનમાં દર વર્ષે શિયાળાના સમયમાં બે ત્રણ મહિના પક્ષી દર્શનના કાર્યક્રમો યોજાય છે. તેમાં ભાગ લેનારને પંખી જગતની સુંદરતા તેના કલરવનો પરિચય થતાં એ તેમનાં પ્રત્યે સંવેદનશીલ બને છે. જેના પરિણામે તેમનો પક્ષી પ્રેમ પક્ષીઓને બચાવવાના કામમાં મોટો ભાગ ભજવે છે. અહીં જે કેટલાંક પ્રકૃતિપ્રેમીઓનાં જૂથ છે. તે બધાં પ્રકૃતિ ઉદ્યાનમાં આવીને તૈયાર થયા છે. આ સ્થળ પ્રત્યે પણ તેમની લાગણી અને જોડાણ અનેરું છે.’ મેં કહ્યું.

‘મેં તો સાંભળ્યું છે કે અહીં સ્નેક શૉ પણ થાય છે?’ સુધીરભાઈએ પૂછ્યું.

‘હા, હમણાંથી એ બંધ કર્યા છે. પણ સ્નેક શૉ દ્વારા જે સાપનો ભય દૂર કરવાના પ્રયત્નો થયેલા તેના કારણે આપણાં અહીંના ઘણા યુવાનોમાં રસ જાગૃત થતાં સાપ પકડવાનું કામ શરૂ થયેલું છે. સ્નેહ લવર્સ કલબ નામે ધર્મેન્દ્રભાઈ અને બીજા પણ ઘણાં યુવાનો સાપ પકડવાનું કામ કરે છે.’

‘અમે રાજયપાલશ્રી દ્વારા આવા સાહસિક યુવાનોનું સન્માન કરવા માંગીએ છીએ. જેથી તેમને પ્રોત્સાહન મળે અને સરિસૃપોને રક્ષણ મળે.’ અરૂણભાઈએ કહ્યું.

‘જીવદયાની તમારી ભાવના ખરેખર ઉદાત્ત છે. આમ તો હું આપની અનેક પ્રવૃત્તિઓ વિશે જાણું છું. કેમ કે ગાંધીનગરમાં વૃક્ષ વૃક્ષ અને પાન પાન જેને ઓળખે છે અને તેના કણ કણમાં જેની સેવાની સુવાસ પ્રસરી છે તેવા આપને મળીને ખુબ મજા આવી.’

અરૂણભાઈ અને સુધીરભાઈ ઉભા થયા.

ચાલો, સમગ્ર જીવમાત્ર માટે કલ્યાણકારી, પરોપકારી વૃક્ષોને સરકારી કત્લેઆમથી બચાવીએ

જનઅભિયાન

- યોગેન્દુ ચૌહાણ

ઈન્દુચાચાની આગેવાની હેઠળની મહાગુજરાતની લડતને પરિણામે બૃહદ્ મુંબઈ રાજયથી અલગ નવું ગુજરાત રાજય ૧લી મે ૧૯૬૦થી અસ્તિત્વમાં આવ્યું. નવા રાજયના પાટનગર માટે જગ્યાની શોધ આરંભાઈ. તે વખતના મહેસાણા-અમદાવાદ જિલ્લાની સાબરમતી નદીને કાંઠે આવેલી ભૂમિમાં નવા પાટનગરના પાયા નંખાયા. નામ અપાયું ગાંધીનગર. પ્રસિદ્ધ ફ્રેન્ચ આર્કિટેક લા-કોર્બુઝીયરની ચંડીગઢની પેટર્ન પ્રમાણે ગાંધીનગરની નગરરચના થઈ. તે સમયે પાટનગરની રચનાના ભૂમિપૂજન/ઉદ્ઘાટન વખતે સમગ્ર દેશમાંથી આવેલાં પત્રકારે આ ધૂળિયા ભૂમિમાં ઉડતી ધૂળ જોઈ કોમેન્ટ કરી, ‘આ તો ગાંધીનગર છે કે આંધીનગર!’ બસ તે સમયના મંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈને તે સમયે લાગી આવ્યું અને તેમણે મનોમન નિશ્ચય કર્યો કે આ ‘આંધીનગર’ના મહેણામાંથી ગાંધીનગરને મુક્ત કરીશ. તે જ ક્ષણે તેમણે અસંખ્ય વૃક્ષોથી ગાંધીનગરને આચ્છાદિત કરવાનો દૃઢ નિર્ણય કર્યો. એ સાથે ગાંધીનગરમાં અસંખ્ય વૃક્ષોનું વૃક્ષારોપણ થયું. ગાંધીનગર જે ગ્રીનસીટી કહેવાયું, વૃક્ષો - વનરાજીથી આચ્છાદિત નગર બન્યું તેના પાયામાં રહેલો છે ભૂતપૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્રભાઈ દેસાઈનો સંકલ્પ.

તે પછી તો વખતોવખત આવતી - બદલાતી સરકારોના મુખ્યમંત્રીઓ, માર્ગ-મકાન મંત્રીઓ, વનમંત્રીઓએ ગાંધીનગરને વૃક્ષો વનરાજીથી ભરભૂર બનાવવામાં કોઈ કસર ન છોડી. ગાંધીનગરની સ્વૈચ્છિક, સેવાભાવી સંસ્થાઓએ પણ પૂરો સહયોગ આપ્યો. દર વર્ષે વન મહોત્સવ ગાંધીનગરમાં ઉજવાતો અને સંખ્યાબંધ વૃક્ષો રોપાતા. તેનો માવજતથી ઊછેર પણ થતો. ૧૯૯૦-૯૧માં ચીમનભાઈ પટેલની સરકારે ચ-૦ સર્કલથી કોબા સર્કલ સુધીના માર્ગમાં રોડની સાઈડમાં અસંખ્ય લીમડાના વૃક્ષો ઉછેર્યા. આ રીતે લાખો વૃક્ષોથી ભર્યું ભાદર્યું ગાંધીનગર વિશ્વના લીલાછમ્મ શહેરમાં મોખરાનું સ્થાન પામ્યું.

હવે શરૂઆત થાય છે ગાંધીનગરમાં વૃક્ષોની પનોતી બેઠી તેની. છેલ્લા થોડા વર્ષોમાં વિકાસને વરેલી સરકાર આવી. વિકાસને નામે વૃક્ષો કાપી રસ્તાઓ પહોળા કરવાનું, સીમેન્ટ કોક્રીટના ભવનો બનાવવાનું સરકારને શૂરાતન ચડ્યું અને શરૂ થઈ વૃક્ષોની સરકારી કત્લેઆમ... ગાંધીનગરની ઓળખ સમા ગ્રીષ્મમાં મહોરતાં ગુલમહોર અને ગરમાળો ધીરે ધીરે અદૃશ્ય થતા રહ્યા... ઘણાં વર્ષોની મહેનત પછી સરસ રીતે ઉછેરેલાં વૃક્ષો વિકાસના નામે સરકારી કરવતે વધેરાતા રહ્યા... મેદસ્વી બાળક કે શોષણખોર શેઠિયાની વધતી ફાંદ જેમ સીમેન્ટ-ક્રોકિંટના નિષ્પ્રાય ભવનો ઊભા થવા લાગ્યા; ડામરની સડકો પહોળી થવા લાગી; મેદસ્વી બાળક જોઈ, બાળક જાડુ થયું તેમ સમજી માબાપા ખુશ થાય તેમ આપણે ખુશ થવા લાગ્યા. પ્રાણવાયુ સીંચવા પ્રાણવાન વૃક્ષો મૃતપ્રાય થવા લાગ્યા અને નિષ્પ્રાણ ભવનો ઊભા થયા, આ સિલસિલો ચાલુ જ રહ્યો મહાત્મા મંદિરને નામે, સેન્ટ્રલ વીસ્ટાને નામે.... ભૌતિક વૈભવ વધ્યો પણ કુદરતી વૈભવ ઘટ્યો. વરરાજી વૃક્ષોને કારણે બીજા શહેરોથી આગવી ધરાવતાં, જુદા પડતાં ગાંધીનગરની વિશેષતા નષ્ટ થવા લાગી. શુદ્ધ વાતાવરણની જગ્યાએ બીજા પ્રદૂષિત શહેરો સાથે ગાંધીનગર પણ હરિફાઈ કરવા લાગ્યું.

કોણ જાણે, એ સમજાતું નથી કે, આ સરકારને બધું વિશાળ પાયે મોટું મોટું હોય તો જ ગમે છે. મહાત્મા મંદિરથી આંબેડકર પ્રતિમા સુધી વિસ્તરેલી સેન્ટ્રલ વીસ્ટાને હવે વિધાનસભા સંકુલની પાછળ થઈ છેક નદી કિનારા સુધી વિસ્તારવાની ધૂન ઉપડી છે. અને તેય અસંખ્ય વૃક્ષોને કાપીને.... નિર્દોષ પશુ-પંખી, અબોલ જીવો, સરિસૃપો, નીલગાયનું જે આશ્રયસ્થાન છે, તેમનું ઘર છે તે ઉજાડીને... ગાંધીનગરમાં વિકાસની ઘેલછામાં આટલા વૃક્ષો કાપ્યા છે તે ઓછા હોય તેમ... હવે બાકી રહેલાં વૃક્ષોનીય હત્યા કરી ગાંધીનગરને ફરી આંધીનગર બનાવવા તૈયાર થયા છે.

થોડા વર્ષો પહેલાં ઉનાળાની ઋતુમાં ગાંધીનગરનું તાપમાન અમદાવાદ કરતાં ૨-૩ ઓછું રહેતું. છેલ્લાં બે-ત્રણ વર્ષથી ગાંધીનગર અને અમદાવાદનું ગ્રીષ્મમાં તાપમાન સરખું રહેવા લાગ્યું છે. વૃક્ષોને કારણે ગાંધીનગરઓને વરદાનરૂપ શીતળતા હવે ભૂતકાળ બની ગઈ છે. હર્યાભર્યા રહેતા દરેક સેકટરના બગીચાઓ તો વેરાન થઈ જ ગયા છે.

વિધાનસભા સંકુલ પાછળ પંચામૃતભવનના નિર્માણ માટે ગાઢ જંગલ કપાશે તેવા સમાચાર છે. આ નગરને પ્રેમ કરતાં સર્વે નગરવાસીઓને અપીલ છે કે, આ શહેરમાં પ્રાકૃતિક સુંદર વાતાવરણ ટકાવવા, અબોલ પશુ-પંખીઓ, સરિસૃપોને બચાવવા આગળ આવે. સરકારને વિનંતી કરીએ કે પંચામૃતભવન બીજે ગમે ત્યાં ખુલ્લી જયાં વૃક્ષો કાપવા ના પાડે તેવી જગ્યાએ બનાવે. અમારો કોઈ વિરોધ નથી. પણ વૃક્ષોના ભાગે તો નહીં જ...

લાગે છે કે રામ ટેકરી તરીકે ઓળખાતો, નવા-જૂના સચિવાલય વચ્ચે પોઈન્ટના બસ સ્ટેન્ડ પાસેનો હિતુભાઈનો ટેકરો પણ સલામતીના નામે સરકારના નિશાના પર છે. ગાંધીનગર વૃક્ષોનું નગર છે. તેની ઓળખ આપતું પ્રવેશદ્વાર સમું ચ-૦ સર્કલ પર નિશાના પર છે. દરેક જાગૃત નાગરિકે નાગરિક ધર્મ સમજી આ સ્થળોનો વિનાશ ન થાય તે માટે સંપર્ક કરવો પડશે. આપણી જ સરકાર સામે ખોટા નિર્ણયો લઈ પર્યાવરણને હાનિ પહોંચાડતી હોય ત્યારે આપણે જ ચૂંટેલી સરકારને સત્યસમજાવવું એ આપણી નાગરિક અને નૈતિક ફરજ છે.

પ્રસિદ્ધ ગુજરાતી વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના પુત્ર અને જાણીતા પર્યાવરણવિદ્ જેમની સેવાઓ યુનોમાં પણ છે તે ડૉ. કાર્તિકેય સારાભાઈએ ‘વિશ્વનો વિકાસ કઈ દિશામાં’ તે વિષય પર ગુજરાત વિશ્વકોશ ભવનમાં આપેલા વ્યાખ્યાનમાં કહેલું, ‘છેલ્લાં ત્રણસો વર્ષોમાં દુનિયાએ પૃથ્વીના કુદરતી સ્ત્રોતો, કુદરતી સંપત્તિ, જમીન, પાતાળમાંથી જેટલું ઉલેચ્યું છે થેટલો જથ્થો ત્રીસ વર્ષોમાં ઉચેલી નાખ્યો છે. અર્થાત્ વર્ષોમાં કુદરતી સંપત્તિ પર્યાવરણને જે નુકશાન પહોંચ્યુ છે તેટલું જ નુકશાન છેલ્લા ત્રીસ વર્ષમાં આપણે વિકાસને નામે પહોંચાડ્યું છે. વધુમાં તેમણે કહ્યું, ‘સરકાર આ શહેરના બધા લોકોને મફત મોટરકાર આપી દે તો શું થશે? આ હૉલથી આપણા ઘરે જતા સામાન્ય અડધોથી પોણો કલાક લાગે છે તેના સ્થાને આપણે છ-સાત કલાકે ઘરે પહોંચી શકીએ તેટલો ટ્રાફિક જામ હશે.’ આ ટકોર આપણો વિકાસ કઈ દિશામાં છે તે સમજવા પૂરતી છે.

છેલ્લા અઢી મહિનાના ગાળામાં ગુજરાતે લોક લડત/નાગરિત લડત અને ગાંધીવિચાર - દર્શનના બે મોભી ગુમાવ્યા છે. ગાંધીને રસ્તે ચાલનાર બંને વિભૂતિઓ સ્વ. ચુનીભાઈ વૈદ્ય (ચુનીકાકા) અને નારાયણભાઈ દેસાઈ આ બંને લડવૈયાઓના જવાથી આપણે રાંક બન્યા છીએ. નિરમા સિમેન્ટ પ્લાન્ટ સામે ડૉ. કનુભાઈ કલસરીયાએ ઉપાડેલી લડતના આગેવાન ચુનીકાકા હતા. તે આંદોલનના નારાઓ હતા -

‘જળ જંગલને જમીન કોના, જનતાના ભાઈ જનતાના.
ગામની જમીન ગામની સરકારની નહીં.’

અણુવિદ્યુત મથક સ્થપાતા જોખમાતા પર્યાવરણ સામે મુ. નારાયણબાપાએ પણ લડત ઉપાડેલી. વર્તમાન સમયમાં જળ, જંગલ, જમીન ત્રણેય સંકટમાં છે ત્યારે આપણે જંગલ બચાવવા મોટો સંઘર્ષ કરવા તૈયાર રહેવું પડશે.

અંતે એટલું જ કહીશું,
બહુ મોડે મોડે ખબર પડી આપણે જેને વિકાસ કહેતા હતા,
તે દોડ તો વિનાશ તરફની હતી...

વાદળને મુઠ્ઠીમાં પકડવાના પ્રયત્નોમાં રહે છે એમના હાથમાં અંતે કશું નથી આવતું, આવતીકાલના વિચારોમાં તેઓ આજને પણ હાથમાંથી સરી જવા દે છે

નસીબનો કોઇ નિર્માતા નથી

વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

નિયતિ પર આધાર રાખીને બેસી રહેવું અને નિયતિને એ આવે તે અવસ્થામાં સ્વીકારી લેવી- આ બેઉ બાબત વચ્ચે ઘણી વખતે આપણે ભેળસેળ કરી નાખીએ છીએ. બેઉ મનોદશા વચ્ચે આભજમીનનો તફાવત છે.

નિયતિ અથવા તો નસીબ યાને કિ કિસ્મત પર આધાર રાખીને બેસી રહેતા પ્રારબ્ધવાદીઓ ક્યારેય મન દઈને કામ કરી શકતા નથી. તેઓ સતત ભવિષ્યના વિચારોમાં રાચે છે, જે નથી એની કલ્પના કર્યા કરે છે. વાદળને મુઠ્ઠીમાં પકડવાના પ્રયત્નોમાં રહે છે. એમના હાથમાં અંતે કશું નથી આવતું. આવતી કાલના વિચારોમાં તેઓ આજને પણ હાથમાંથી સરી જવા દે છે.

સામે પક્ષે, તમામ પ્રયત્નો કર્યા પછી, પોતાની શ્રેષ્ઠ કામગીરી દેખાડી દીધા પછી પણ ધાર્યું કામ ન થાય તો એને ઉપરવાળાની મરજી તરીકે સ્વીકારી લેવાની ઉદારતા બહુ ઓછા લોકોમાં હોય છે. તમામ પ્રયત્નો કર્યા પછી પરિણામને ખેલદિલીપૂર્વક સ્વીકારનારાઓ જાણ્યેઅજાણ્યે ભગવદ્ગીતાના અર્કને પચાવી ગયેલા હોય છે.

નસીબને હંમેશાં ભવિષ્યકાળને બદલે ભૂતકાળના સંદર્ભમાં જોવાની જ મઝા છે. મારા નસીબમાં હશે તો એ થશે એવું વિચારીને આરંભ કરવાથી કાર્યની શરૂઆત જ દમ વગરની અને મોળી થાય છે. એના કરતાં, મારા નસીબમાં લખાયેલું હતું એ જ થયું એવું વિચારવાથી સંતોષ મળે છે.

પ્રારબ્ધનો કાળસંદર્ભ બદલાઈ જવાથી, એને ભૂતકાળમાં બની ચૂકેલી ઘટના સાથે સાંકળવાને બદલે આગામી સમય સાથે સાંકળી લેવાથી માણસની મનોદશા અંધશ્રદ્ધાભરી બની જાય, એને કર્મયોગથી દૂર લઈ જાય. આ લેખમાં હવે પછી જયાં નિયતિનો સંદર્ભ આવે ત્યારે આપણે કઈ નિયતિની વાત કરી રહ્યા છીએ એ અંગે કોઈ ગેરસમજ ન થાય એ માટે આ દીર્ઘ પ્રસ્તાવના બાંધી. તો હવે ઝંપલાવીએ?

ઝંપલાવીએ. સંત અમિતાભ એક આદરણીય જૈન મુનિનું નામ છે અને ઘણા વાચકો એમનાથી પરિચિત છે. આબુનિવાસી સંત અમિતાભે નિયતિ કી અનંત રેખાંએ પુસ્તકમાં સૌથી પહેલાં નિયતિના સ્વરૂપ વિશે સ્પષ્ટતા કરી છે. એ કહે છે કે નિયતિનું નિર્માણ કોઈનાય દ્વારા થતું નથી. નસીબનો નિર્માતા કોઈ નથી. કોઈ વસ્તુ હોય, ચીજ હોય તો એનો કોઈ નિર્માતા પણ હોય. નિયતિ કોઈ વસ્તુ નથી. એ એક સ્થિતિ છે અને સ્થિતિ જ રહેશે. આ સ્થિતિ અનુસાર વ્યક્તિ, વસ્તુ યા પરમાણુ પર વિભિન્ન પ્રકારની ઘટનાઓ બને છે અને બનતી રહેશે. સંત કહે છે કે અનંત અતીતમાં જયારે, જયાં, જે કંઈ થયું છે એ બધું જ અગાઉથી નક્કી થયા મુજબનું હતું. જયારે જયાં, જે કંઈ થશે એ પણ નિશ્ચિત હશે, આ નિશ્ચિત કરવાવાળી કોઈ વ્યક્તિ નથી, કોઈ શક્તિ પણ નથી.

એક પ્રશ્ન થાય છે કે કોઈ પણ માણસ પોતાની નિયતિને બદલી શકે ખરો? માની લો કે કોઈ જયોતિષીએ તમને કહ્યું કે આવતા વર્ષે તમને ધંધામાં ખોટ જવાની, કારણ કે તમારા અમુક તમુક ગ્રહો આપસમાં બાખડે છે, તો તમે શું કરો? (બાય ધ વે, જયોતિષશાસ્ત્રમાં ગમે એટલી વૈજ્ઞાનિકતા ઘુસાડવાનો દેખાડો થાય, કોઈ પણ બુદ્ધિજીવીને એમાં શ્રદ્ધા/અંધશ્રદ્ધા કશું ય ન હોઈ શકે.)

ધંધામાં ખોટની આગાહી સાંભળીને તમે ખૂબ પ્રયત્ન કરો અને એ વર્ષે અગાઉ ન કરી હોય એટલી મહેનત કર્યા પછી નફો કરી બતાવો. તો શું આમાં નિયતિ ખોટી પડી? ના, જયોતિષશાસ્ત્ર ખોટું પુરવાર થયું. નફો થયા પછી (પછી) તમારી નિયતિ તો એ જ ઘટના થઈ, જે હવે ભૂતકાળ બની ચૂકી છે. આટલી સ્પષ્ટતા પછી સંત અમિતાભનાં આ વાક્યોને યોગ્ય સંદર્ભમાં સમજી શકાશેઃ નિયતિને બદલવી કોઈનાય માટે શક્ય નથી. નિયતિ એ જ છે જે બદલી શકાતી નથી. જેને બદલી શકીએ છીએ એ નિયતિ નથી હોતી.

હજુ વધારે સ્પષ્ટતાની જરૂર છે? કરીએ. તમે નસીબદાર ક્યારે કહેવાઓ છો? એક કરોડનું ઈનામ લાગે એવી લૉટરી ખરીદો ત્યારે? કેટરિના કૈફને પરણવાની ઈચ્છા જાગે ત્યારે? ના. પણ ભવિષ્યમાં બનવાની ઘટના જયારે બની જાય છે એટલે કે એ ઘટના ભૂતકાળ થઈ જાય છે ત્યારે, તમે નસીબદાર ગણાઓ છો. એક કરોડની લૉટરી લાગી ગયા પછી કે કેટરિના કૈફને પરણી ગયા પછી તમે નસીબદાર ગણાઓ છો, એ પહેલાં નહી. આમ, નસીબની કન્સેપ્ટને તમારા ભવિષ્ય સાથે નહી, તમારા ભૂતકાળ સાથે સંબંધ છે. એ જ રીતે તમારા જીવનમાં કોઈ દુર્ઘટના બની ગયા પછી તમે કમનસીબ ગણાઓ છો, એ દુર્ઘટના બનતાં પહેલાં તમને કોઈ કમનસીબ કહેતું નથી. નસીબ શબ્દ સાંભળતાં જ ભવિષ્યનો વિચાર આવે છે તે ખોટું છે. નસીબ શબ્દ સાંભળીએ છીએ ત્યારે તરત જ એ નસીબ સાથે સંકળાયેલી ઘટના યાદ આવે છે, જે કંઈ થઈ ગયું છે તે બનાવ યાદ આવે છે, એ બનાવને આપણે નસીબ સાથે જોડીએ છીએ, એ ભૂતકાળને નસીબ સાથે જોડીએ છીએ. માટે હવે જયારે જયારે નસીબ, તકદીર કે કિસ્મત વિશે વિચારો ત્યારે એને ભવિષ્ય સાથે સાંકળવાની ભૂલ નહી કરવાની.

બીજો એક પ્રશ્ન થાય કે સૌની નિયતિ એકસરખી કેમ નથી હોતી, દરેકનું ભાગ્ય જુદું જુદું શા માટે હોય છે? આનો જરા ગૂઢ જવાબ સંત અમિતાભ પાસે મળે છે, એનો સરળ જવાબ આપવાની અમે કોશિશ કરીશું. સંત કહે છે કેઃ નિયતિ સકારણ નહી, નિષ્કારણ હોય છે. દરેકની નિયતિમાં સામ્ય ન હોય એ જ સ્વાભાવિક છે, અર્થાત્ એ જ નેચરલ છે. સ્વાભાવિકતાને કોઈ કારણ નથી હોતું. જે કુદરતી છે એને કારણ કેવી રીતે હોઈ શકે? કારણ એને હોય જે અસ્વાભાવિક હોય, જે અકુદરતી હોય. જેની જે નિયતિ હોય એ જ હોય. એમાં કેમ કે શા માટે એવા પ્રશ્નને સ્થાન જ નથી.

સરળ જવાબ એકદમ સીધો છે. દરેક વ્યક્તિનું અપબ્રિંગિંગ અર્થાત્ ઉછેર, એના અનુભવો, એનું માનસિક અને આસપાસનું વાતાવરણ, એનો સ્વભાવ, એના સંપર્કની વ્યક્તિઓ, એ જે સ્થળે અને સમયે કામ કરે છે તે, તેમ જ એની મહેનત- આ બધું જ જુદું જુદું હોય છે. આ બધાનો સરવાળો એનું નસીબ ઘડે છે અને આ સરવાળો, ફિન્ગર પ્રિન્ટની જેમ, દરેક વ્યક્તિમાં ક્યારેય એક સરખો જોવા નથી મળતો.

એક ડગલું આગળ વધીએ. શું કોઈ બીજા કોઈને સુખી કે દુખી કરી શકે? સંત અમિતાભ ના પાડે છે. કહે છે કે દરેક વ્યક્તિ પોતાની નિયતિને કારણે સુખી થાય છે અને નિયતિને કારણે જ દુખી થાય છે. સુખી બનવાનું જેના નસીબમાં લખાયું છે એના સુખી બનવામાં તમે બહુ બહુ તો નિમિત્ત બની શકો. એવું જ દુખની બાબતમાં. જે વ્યક્તિની નિયતિમાં કોઈકના સુખદુખમાં નિમિત્ત બનવાનું લખાયું હશે તે નિમિત્ત બનશે જ. એ એનું નિમિત્ત બનશે, એની નિયતિ નહી બને.